

કે.ડી NEWS

તારીખ : 05/10/2026

# રાતલડી વેલકમ નવરાત્રી મહોત્સવ 2026 નું સફળ આયોજન સમાપન..








લાયન્સ ક્લબ ઓફ સાવરકુંડલા દ્વારા સાવરકુંડલા શહેરમાં શ્રી શામજીબાપુ ઉપવન વાડી ખાતે રાતલડી વેલકમ નવરાત્રી મહોત્સવ 2026 યોજાઈ...આયોજનને સફળ બનાવવા માટે મુખ્ય સ્પોન્સર શ્રી રસિકભાઈ વેકરીયા, હિરેનભાઈ વેકરીયા V.H.R.O તેમજ તમામ ઈનામના દાતાશ્રી સુર્યા ઢોસા શ્રી હર્ષભાઈ કોરાટ તેમજ ગોકુલ જવેલર્સ તરફથી લકી ડ્રો નું સુંદર આયોજન કરવામાં આવેલું હતું ત્રણ વિજેતા ઈનામોને ગોલ્ડ કોઈન આપવામાં આવ્યા હતા, તથા સર્વ દાતાશ્રીઓ સહયોગ હતો... આયોજનમાં ખાસ ઉપસ્થિત શ્રી ભરતભાઈ સુતરીયા સાંસદશ્રી, શ્રી મહેશભાઈ કસવાળા ધારાસભ્યશ્રી, શ્રી વસંતભાઈ મોવલીયા પૂર્વ ગવર્નરશ્રી, શ્રી જયકિશનભાઈ દેવાણી સેકન્ડ વાઈસ ગવર્નર, શ્રી નયનાબેન કાપડિયા નગરપાલિકા પ્રમુખશ્રી, પ્રકાશભાઈ પાનસુરીયા, શ્રી કૌશિકભાઈ હપાણી Rc, શ્રી વિજયભાઈ વસાણી Zc,શ્રી સુરેશભાઈ દેસાઈ સંજોગ ન્યુઝ, શ્રી રમેશભાઈ કાથરોટીયા ટ્રસ્ટીશ્રી ખોડલધામ, શ્રી કરસનભાઈ ડોબરીયા, શ્રી દેવચંદભાઈ કોપોપરા, શ્રી પ્રતિકભાઈ નાકરાણી,શ્રી દિપકભાઈ બોઘરા,શ્રી અમિતભાઈ પંડ્યા, શ્રી હિતેશભાઈ નિમ્બાર્ક પ્રેસિડેન્ટ,શ્રી વિમલભાઈ વ્યાસ વાઈસ પ્રેસિડેન્ટ, શ્રી હિરેનભાઈ માળવી સેક્રેટરી, શ્રી દેવાંગભાઈ સેલાણી ટ્રેઝરર,તથા તમામ લાયન્સ મેમ્બર તેમજ મીડીયા ના મીત્રો તથા પોલીસ સ્ટાફ આ તકે ઉપસ્થિત રહીયા હતા આયોજનને સફળ બનાવ લાયન્સ ક્લબના મિત્રોએ સારી એવી જેમત ઉઠાવી હતી લાઈન મેમ્બર જીગ્નેશ ગળથીયા ની યાદી જણાવેલ છે...









તારીખ : 05/10/2026

# ખેલ મહાકુંભ 2026માં દેવાંગ ઉપાધ્યાયની શાનદાર સફળતા



સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર અંતર્ગત જિલ્લા રમત ગમત પ્રશિક્ષણ કેન્દ્ર, અમરેલી દ્વારા આયોજિત 'ખેલ મહાકુંભ 2026' અન્ડર-17 ચેસ સ્પર્ધામાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ઉડાનના વિદ્યાર્થી ઉપાધ્યાય દેવાંગ વિભાકરભાઈએ તાલુકા કક્ષાએ સતત પાંચમી વખત સફળતા પ્રાપ્ત કરી છે. તેમની આ સિદ્ધિથી શાળાના ગૌરવમાં વધુ એક પીછું ઉમેરાયું છે.દેવાંગને તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ સરકારશ્રી તરફથી રૂ. 1,000નું ઈનામ પણ પ્રાપ્ત થયું છે. દેવાંગે પોતાની મહેનત, એકાગ્રતા અને બુદ્ધિચાતુર્યથી આ સફળતા હાંસલ કરી છે. તેમની સતત પાંચમી સફળતા અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે.દેવાંગની આ સિદ્ધિ બદલ શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ તથા વાલીઓ દ્વારા તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમજ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પણ દેવાંગ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળા તથા અમરેલી જિલ્લાનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## હા...હા... ઘર આંગણાની ઓફર
## જે તમને બનાવશે માલામાલ...

# ડબલ ધમાકા કાર
# ઓફર-૨૦૨૭




T & C APPLY*

કુલ ઈનામો
૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી'
ખરીદી પર એક માલામાલ કુપન ફ્રી

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

# સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

તારીખ : 05/10/2026

# શ્રી નુતન કેળવણી મંડળ સંચાલિત જે.વી. મોદી હાઈસ્કુલની ખેલ મહાકુંભમાં સિદ્ધિઓ.



તાજેતરમાં યોજાઈ ગયેલા સાવરકુંડલા તાલુકા કક્ષાના ખેલ મહાકુંભમાં જે.વી.મોદી હાઈસ્કૂલના ખેલાડીઓએ અલગ અલગ રમતમાં ભાગ લીધો હતો તેમાં અન્ડર17ની ખોખોની ટીમ સ્પર્ધામાં તાલુકા પ્રથમ વિજેતા થયેલ તો રસ્સા ખેંચ ટીમ સ્પર્ધામાં તાલુકામાં દ્વિતીય ક્રમે રહેલ બંને ટીમ હવે જિલ્લા કક્ષાએ રમવા માટે જશે. આ ઉપરાંત અંડર 17 ની ગોળાફેંક સ્પર્ધામાં ગોહિલ વિકાસ તાલુકા કક્ષાએ બીજો નંબર પ્રાપ્ત કરેલ તો સોલંકી પૃથ્વી ત્રીજો નંબર પ્રાપ્ત કરેલ.તેમ જ 100 મીટર દોડમાં તાલુકા કક્ષાએ ચૌહાણ આયુષ્યમાન બીજા ક્રમે અને 400 મીટર દોડમાં મોલડિયા નિકુંજ તાલુકા કક્ષાએ બીજા ક્રમે રહેલ. ઉપરોક્ત તમામ ખેલાડીઓને માર્ગદર્શન શાળાના શિક્ષક શ્રી નીતિનભાઈ સાવજ શ્રી વિમલભાઈ પંડ્યા શ્રી યોગેશભાઈ ચૌહાણ અને શ્રી અમિતભાઈ રાઠોડે



આપેલ.આમ શાળાના વિદ્યાર્થીઓએ જે સિદ્ધિ મેળવેલ છે તેમને શ્રી નૂતન કેળવણી મંડળના પ્રમુખ શ્રી ચંદ્રિકાબેન ઘેલાણી ,ઉપપ્રમુખ શ્રી કનુભાઈ ગેડિયા,મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મુકુંદભાઈ નાગ્રેચા અને સમગ્ર ટ્રસ્ટી મંડળ તથા શાળાના ઈન્ચાર્જ આચાર્ય શ્રી જીતુભાઈ ભટ્ટે અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવેલ.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

# શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી.મોદી હાઈસ્કુલના વિદ્યાર્થીએ રાજ્યકક્ષાએ પ્રેઝન્ટેશન આપ્યું



તાજેતરમાં ગુજકોસેટ દ્વારા યોજાયેલ વિજ્ઞાન સેમીનારમાં જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાના વિદ્યાર્થી પ્રિન્સ મકવાણાએ રાજ્યકક્ષાના સેમિનારમાં ભાગ લઈ સ્લાઈડ શો દ્વારા ઊર્જા બકેટ 2047 અંતર્ગત પોતાનું પ્રેઝન્ટેશન રજૂ કરી શાળાનું અને અમરેલી જિલ્લાનું ગૌરવ વધારેલ તેમને માર્ગદર્શન અને તૈયારી શાળાના વિજ્ઞાન શિક્ષક શ્રી નીતિનભાઈ સાવજ દ્વારા કરાવવામાં આવી હતી. તેમની આ સિદ્ધિને શ્રી નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટી મંડળે તથા આચાર્યશ્રીએ બિરદાવી અભિનંદન આપ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વિશ્વાસ ઓટો કન્સલ્ટ

## મોડલ ૨૦૧૩ થી ૨૦૨૬ સુધીના તમામ કારની કંપનીના મોડલ હાજરમાં...

### હવેથી નવા સરનામે

**એકયુરેટ હીરોના શો રૂમની સામે, મહુવારોડ, સાવરકુંડલા**




સેકન્ડ ગાડીમાં લોન પણ કરી આપવામાં આવશે.

ક્રેટા, સ્વીફટ, ઈકો, વેગન આર, બ્રીઝા, સ્વીફટ ડીઝાયર, આઈ-10, આઈ-20, સ્કોર્પિયો, બોલેરો, અર્ટીગા, બલેનો, વોકસ વેગન, વેન્ટો, જેવી તમામ પ્રકારની ગાડી લેવા તથા વેચવા માટે મળો...

નવી ગાડી લેવા જતા પહેલા અમારા શો રૂમની મુલાકાત લેશો.

એકસીડેન્ટ વગરની ગાડીનો 100% વિશ્વાસપાત્ર એકમાત્ર શો રૂમ..

આપ કંપનીમાં પણ ચેક કરી શકો છો...

હાજી ઈમરાનભાઈ એસ. શેખાણી
મો. 98248 17492

હાજી અમજદભાઈ એસ. શેખાણી
મો. 95742 02753

જુનેદભાઈ એસ. શેખાણી
મો. 97235 95955

તારીખ : 05/10/2026

# આઈ.સી.ડી.એસ. સાવરકુંડલાનું ગૌરવ શ્રી મુસ્તાક ભાઈ મહેતરે જિલ્લા કક્ષાની પોષણ વાનગી સ્પર્ધાનું કર્યું સુંદર સંચાલન




આઈ.સી.ડી.એસ. સેલ, જિલ્લા પંચાયત કચેરી, અમરેલી દ્વારા પોષણ ઉત્સવ અંતર્ગત T H R તથા મિલેટ્સમાંથી બનતી પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું જિલ્લા કક્ષાએ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના વિવિધ આઈ.સી.ડી.એસ. ઘટકોમાંથી બહેનો દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો.આ સમગ્ર કાર્યક્રમને સફળ અને યાદગાર બનાવવા માટે ડિસ્ટ્રિક્ટ બ્લોક કો-ઓર્ડીનેટર શ્રી મુસ્તાક ભાઈ મહેતરને કાર્યક્રમના સંચાલન અને એન્કરિંગની વિશેષ જવાબદારી સોંપવામાં આવી હતી. શ્રી મુસ્તાક ભાઈએ પોતાની આગવી વાક્છટા, આત્મવિશ્વાસ, અસરકારક રજૂઆત અને સુંદર સંચાલન દ્વારા સમગ્ર કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવી દીધા હતા.પ્રાર્થનાથી લઈને મહાનુભાવોના સ્વાગત, પોષણ ઉત્સવના હેતુની સમજ, સ્પર્ધકોને પ્રોત્સાહન, વિવિધ તબક્કાનું સંચાલન તેમજ અંતે આભારવિધિ સુધી સમગ્ર કાર્યક્રમનું અદભૂત અને રસપ્રદ એન્કરિંગ કરી ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા.શ્રી મુસ્તાક ભાઈની આ ઉત્કૃષ્ટ કામગીરીની નોંધ લઈ માનનીય જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રી હીરાબેન રાજશાખા દ્વારા કાર્યક્રમ દરમિયાન તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો, અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ સ્પર્ધકો દ્વારા પણ શ્રી મુસ્તાક ભાઈને તેમની સુંદર કામગીરી બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.સન્માનને સાર્થક કરતી શાયરી«“મંચ મળે તો પોતાની કળાથી ઓળખ બનાવી જાય,જવાબદારી મળે તો તેને સફળતાની ગાથા બનાવી જાય;શબ્દોમાં હોય જો આત્મવિશ્વાસ અને દિલમાં હોય સેવા,તો એક વ્યક્તિ આખા વિભાગનું ગૌરવ બની જાય.”»શ્રી મુસ્તાક ભાઈ મહેતરે ફરી એકવાર સાબિત કર્યું છે કે સરકારી ફરજ માત્ર જવાબદારી નિભાવવાનું નામ નથી, પરંતુ પોતાની આવડત અને કાર્યનિષ્ઠાથી સમગ્ર વિભાગનું નામ રોશન કરવાનું પણ નામ છે.તેમના સુંદર સંચાલન અને ઉત્કૃષ્ટ કામગીરી બદલ મળેલું આ સન્માન માત્ર વ્યક્તિનું નહીં પરંતુ આઈ.સી.ડી.એસ. પરિવાર, સાવરકુંડલા ઘટક તથા સમગ્ર અમરેલી જિલ્લાના કર્મઠ કર્મચારી પરિવારનું ગૌરવ છે.«“સન્માન એ સફળતાનો અંત નથી,પરંતુ વધુ સારું કાર્ય કરવાની નવી શરૂઆત છે;મહેનત જ્યાં દિલથી કરવામાં આવે,ત્યાં સફળતા પોતે જ સન્માન બનીને આવે છે. આ પ્રસંગે આઈ.સી.ડી.એસ. સાવરકુંડલા પરિવાર તરફથી શ્રી મુસ્તાક ભાઈ મહેતરને હાર્દિક અભિનંદન તથા ભવિષ્યમાં પણ આવી જ ઉત્કૃષ્ટ કામગીરી કરતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




## અભિનંદન અને હાર્દિક શુભેચ્છાઓ

### શ્રી બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિ પંચ સાવરકુંડલા

તમામ ટ્રસ્ટીઓ, પ્રમુખ સાહેબ તથા તમામ કારોબારી સભ્યો તરફથી શ્રી સ્મિત મચ્છર દ્વારા કરવામાં આવેલી સરાહનીય કામગીરી બદલ હાર્દિક અભિનંદન તથા શુભેચ્છાઓ...

**સમાજના યુવાનો પોતાની સમજદારી, સમયસુચકતા અને માનવતાભરી વિચારસરણીથી સમાજનું નામ રોશન કરે તે આપણા સૌ માટે ગૌરવની વાત છે.**

**આપનાં ઉજ્જવળ ભવિષ્ય, ઉત્તમ આરોગ્ય અને સતત સફળતા માટે હાર્દિક શુભકામનાઓ..**

**લી. હરજીવનદાસ સવજીભાઈ રામભરોસે દોરડાવાળા (છાટબાર પરિવાર)**

કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા દ્વારા યોજાયેલ 351માં વિના મૂલ્યે નેત્ર યજ્ઞ




શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા દ્વારા સમાજસેવાના પવિત્ર ધ્યેયને સાકાર કરતાં દર માસના પ્રથમ શુક્રવારે યોજાતા વિનામૂલ્યે નેત્ર નિદાન યજ્ઞ અંતર્ગત આજે તા. 02-10-2026 ના રોજ પરમ પૂજ્ય શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજી સ્વામીની પાવન સ્મૃતિમાં 351 મા વિનામૂલ્યે મહા નેત્ર નિદાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.વિરનગર હોસ્પિટલના સુપર સ્પેશિયાલિસ્ટ નેત્રરોગ નિષ્ણાત ડોક્ટરો દ્વારા કુલ 70 દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન 22 દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂરિયાત જણાતા તેમને શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા વિરનગર આંખ હોસ્પિટલ ખાતે સંપૂર્ણ વિનામૂલ્યે ઓપરેશન માટે મોકલવામાં આવ્યા હતા. ઉપરાંત ચશ્મા અને દવાઓની જરૂરિયાત ધરાવતા દર્દીઓને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ચશ્મા તેમજ દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.નેત્રયજ્ઞનું દીપપ્રાગટ્ય સંસ્થાના વડા પરમ પૂજ્ય શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામીના આશીર્વાદ સાથે દાતાશ્રી શ્રીમતી ભારતીબેન મનુભાઈ કોરડીયા - ડલાસ અમેરિકા,વિરનગર હોસ્પિટલના ડોક્ટરશ્રીઓ, ગુરુકુળ હોસ્પિટલના ડૉ. નિલેશભાઈ ત્રિવેદી, તથા




અન્ય મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.સંસ્થાના કોઠારી પૂજ્ય અક્ષરમુક્તદાસજી સ્વામીના માર્ગદર્શન અને સાનિધ્યમાં સમગ્ર નેત્રયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.નેત્રયજ્ઞને સફળ બનાવવા સંસ્થાના સંતો, કર્મચારીઓ અને સેવકોએ ઉત્સાહપૂર્વક સેવા આપી હતી. કેમ્પમાં ઉપસ્થિત તમામ દર્દી નારાયણોને ચા સાથે જલેબી, ફાફડા , મરચા સંભારા સહિતનો સ્વાદિષ્ટ નાસ્તો પીરસવામાં આવ્યો હતો.શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા છેલ્લા ઘણા વર્ષોથી વિનામૂલ્યે નેત્રસેવાનો આ મહાયજ્ઞ સતત આયોજિત કરી હજારો જરૂરિયાતમંદ દર્દીઓને નવી દ્રષ્ટિ અને જીવનમાં નવી આશા પ્રદાન કરી રહ્યું છે. સંસ્થાની આ સેવાકીય પ્રવૃત્તિ સમાજમાં માનવસેવા અને પરોપકારનું ઉત્તમ ઉદાહરણ બની રહી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ભક્તિ અને સુગંધનો અદ્ભુત સંગમ

## જયાં સુગંધ છે ત્યાં જ શાંતિ અને સમૃધ્ધિ છે.

## ધુપ તેમજ અગરબત્તીનો વિશાળ ખજાનો

| | | |
|---|---|---|
| સેન્ટેડબત્તી | ગુગળ | ભીમસેન કપુર |
| મસાલાબત્તી | લોબાન | લાંબી અગરબત્તી |
| ધુપસ્ટીક | દશાંગ ધુપ | સાંબ્રાણી ધુપ |
| ભીનાધુપ | પંચનાથ ધુપ | જમ્બો કોડીયા ધુપ |
| કોડીયાધુપ | કપુર ગોળી | પ્યોર ગુગળ |
| કોનધુપ | દીવેટ | કપુર ગુગળ બત્તી |

ધુપ છાણા * ધુપ કોલસા * કપુરદાની

સ્પ્રે, અત્તર, રૂમ સ્પ્રે, ડીઓ સ્પ્રે તેમજ દરેક કંપનીની સ્ટાન્ડર્ડ અગરબત્તી, સ્ટીક તો ખરી જ...

તમારા ઘર અને પુજા ઘરને બનાવો સકારાત્મક ઉર્જાથી ભરપુર...



ઉપરોકત દરેક આઈટમમાં વિશાળ રેન્જ હાજરમાં મળશે..



# રૂપેશ પરફ્યુમ્સ

The One Stop Smell Shop

મેઈનબજાર, સાવરકુંડલા. મો. ૯૯૨૪૫ ૪૦૫૦૪

તારીખ : 05/10/2026

# શ્રી મહિલા અધ્યાપન મંદિર સાવરકુંડલા માં નશાબંધી નો કાર્યક્રમ યોજાયો













શ્રી મહિલા અધ્યાપન મંદિર મંદિર સાવરકુંડલામાં તારીખ 05-10-2026 ના નશાબંધી અને આબકારી વિભાગ-અમરેલી દ્વારા વ્યસન મુક્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નશાબંધી અને આબકારી વિભાગ ની એ.ઓ.જી. ટીમ જેમાં એસ.પી. ચૌહાણસાહેબ, એ. આર. ચૌહાણસાહેબ તથા અવનીબેન દવે ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં સમાજ સુરક્ષા વિભાગ અમરેલી તરફથી મીનાક્ષીબેન રાઠોડ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમ અંતર્ગત ગરબા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થી બહેનોનાં દ્વારા રજુ થયેલ ગરબા અને દોરેલા વ્યસન મુક્તિના ચિત્રો માંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિજેતાઓને આવેલ મહેમાનો દ્વારા ટ્રોફી, ઈનામ અને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. S O.G. ટીમ દ્વારા આ વિષયક PPT અને વિડિયો નિદર્શન કર્યું હતું. અને વ્યસન મુક્તિના શપથ લેવડાવવામાં આવ્યા હતાં. કાર્યક્રમનું સંચાલન આચાર્ય શ્રી બાબુભાઈ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી મહિલા મંડળના પ્રમુખશ્રી નીલાબેન વાઘાણી અને સભ્યશ્રી મનીષાબેન ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અધ્યાપન મંદિરનાં શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી. અંતમાં આભારવિધિ શ્રી શૈલેષભાઈ ખિમસુરિયાએ કરી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



oppo

## OPPO F35 Series 5G
## Group Selfie Expert

50MP Ultra-Wide
Natural Selfie Camera

6-Year
Smoothness Protection

**Pre-Book Now**



Powered by
ColorOS

## સાવરકુંડલાના તમામ ડીલર પાસે પ્રિ-બુકિંગ ઉપલબ્ધ

કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

# શ્રી જે.વી.મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ નાટક અને રંગોળી સ્પર્ધામાં ભાગ લીધો.




તાજેતરમાં વિકસિત ભારત અંતર્ગત બાલ વિજ્ઞાન ભવન અમરેલી દ્વારા જિલ્લા કક્ષાએ પર્યાવરણ અને સમાજ એ થીમ ઉપર નાટય સ્પર્ધા યોજાય હતી. તેમાં શાળાના વિદ્યાર્થીઓએ દરિયાઈ પ્રદૂષણ વિષય ઉપર નાટ્યકૃતિ રજૂ કરી હતી. જેમને પ્રેક્ષકોએ વધાવી હતી. નાટ્ય કલાકારોને બાલ વિજ્ઞાન ભવન દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ. આ કૃતિ તૈયાર કરવામાં શાળાના શિક્ષક નીતિનભાઈ સાવજ અને હિતેશભાઈ સોઢીયાએ જહેમત ઉઠાવી હતી. તો જિલ્લા કક્ષાની રંગોળી સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થી બગડા સજલે ઉત્સાહભેર ભાગ લીધો હતો અને પ્રમાણપત્ર મેળવ્યું હતું.કલાકારો ને શ્રીનૂતન કેળવણી મંડળના ટ્રસ્ટી શ્રીઓએ અભિનંદન આપ્યા હતા.



# મકાન વેચવાનું છે...

## 3 રૂમ, રસોડુ, હોલ, હાથસણી રોડ, મહાકાળી ચોક, સાવરકુંડલા

## : સંપર્ક :

## મો. 93747 87926

તારીખ : 05/10/2026

# કેપ્ટન સ્મિત મચ્છરના સાહસને મોરારીબાપુએ બિરદાવ્યું

## 180 મુસાફરોના જીવ બચાવનાર વીર પાયલોટને 'હનુમંત કૃપા પ્રસાદ' રૂપે રૂ.21 લાખ અર્પણ




ગુજરાતી મૂળના વીર પાયલોટ કેપ્ટન સ્મિત મચ્છરે આકાશમાં સર્જાયેલી અત્યંત ગંભીર પરિસ્થિતિ દરમિયાન અદમ્ય સાહસ, હિંમત અને ફરજ પ્રત્યેની નિષ્ઠા દર્શાવીને આશરે 180 લોકોના જીવનની રક્ષા કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમના આ શૌર્યની દેશ-વિદેશમાં પ્રશંસા થઈ રહી છે.દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટ FZ1073માં કોકપિટ દરમિયાન બનેલી ગંભીર ઘટનામાં કેપ્ટન સ્મિત મચ્છર ઘાયલ થયા હોવા છતાં હિંમત હાર્યા નહોતા. મુશ્કેલ અને જોખમી પરિસ્થિતિ વચ્ચે તેમણે કોકપિટનો દરવાજો ખોલી મુસાફરો અને ક્રૂને મદદરૂપ થવાની તક ઊભી કરી હતી. ત્યારબાદ વિમાનને સુરક્ષિત રીતે સાઉદી અરેબિયાના તબૂક ખાતે ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ફ્લાઈટમાં 174 મુસાફરો અને 6 ક્રૂ સભ્યો સહિત કુલ 180 લોકો સવાર હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.કેપ્ટન સ્મિત મચ્છરના આ અદમ્ય શૌર્યને કથાકાર મોરારીબાપુએ પણ હૃદયપૂર્વક બિરદાવ્યું છે. મોરારીબાપુએ કેપ્ટન સ્મિતના પિતા સાથે ટેલિફોનિક વાતચીત કરી તેમના સ્વાસ્થ્ય અંગે જાણકારી મેળવી હતી તેમજ તેઓ ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરી હતી. મોરારીબાપુએ કેપ્ટન સ્મિતના શૌર્ય અને ધૈર્યને વંદન કરતાં તેમના સાહસથી સમગ્ર વિશ્વમાં ભારતનું નામ રોશન થયું હોવાનું જણાવ્યું હતું.આ પ્રસંગે મોરારીબાપુ દ્વારા કેપ્ટન સ્મિત મચ્છરને 'હનુમંત કૃપા પ્રસાદ' રૂપે રૂ.21 લાખની રકમ અર્પણ કરવામાં આવી છે. કેપ્ટન સ્મિતના સાહસને 'હનુમંત કાર્ય' સાથે જોડીને કરવામાં આવેલું આ સન્માન તેમની વીરતા અને ફરજ પ્રત્યેની અડગ નિષ્ઠાને મળેલી ભાવભીની કદર સમાન છે.કેપ્ટન સ્મિત મચ્છરની બહાદુરીએ માત્ર મુસાફરોના જીવ બચાવ્યા નથી, પરંતુ મુશ્કેલીની ઘડીમાં ફરજ, ધૈર્ય અને માનવજીવન પ્રત્યેની જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પણ પૂરું પાડ્યું છે. તેમની હિંમતને દેશભરમાંથી સલામ મળી રહી છે અને ગુજરાતના આ સપૂતની વીરતા સમગ્ર નવી પેઢી માટે પ્રેરણારૂપ બની છે.

તારીખ : 05/10/2026

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# ખાદી કાર્યાલય સાવરકુંડલા



## ગાંધી જયંતી નું વિશેષ વળતર શરૂ થઈ ગયેલ છે.

તો ગુજરાત ઉત્પાદિત તમામ પ્રકાર ની ખાદી માં 30% વળતર છે. પરપ્રાંત ખાદી માં ૧૫% વળતર છે. તો આ વળતર નો લાભ લેવા માટે ખાદી ખરીદવા અવસ્ય પધારશો.

તેમજ ગ્રામોધોગ માં અનેક વસ્તુઓ હાજર માં છે. તો ખાદી કાર્યાલય સાવરકુંડલા માં નવા ભવન ની મુલાકાત લેશો.

**સમય : સવારે ૯:૦૦ થી ૧:૦૦, બપોર પછી ૩:૦૦ થી ૭:૦૦**

**ખાસ નોંધ : દિવાળી સુધીના તમામ રવિવારે વેચાણ શરૂ રાખેલ છે.**

લી. ટ્રસ્ટીશ્રીઓ

**શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ ખાદી કાર્યાલય**

રેલ્વે સ્ટેશન પાછળ, સાવરકુંડલા.
મો. ૯૪૨૯૦ ૭૬૫૪૦

કે.ડી. NEWS
તારીખ : 05/10/2026

# રાજુલા રક્તદાન કેમ્પમાં સેવા સહયોગ સાથે ગાંધી જયંતિની વક્તૃત્વ સ્પર્ધામાં આગવી પ્રતિભા



અમરેલી જીલ્લાના રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજના એન.એસ.એસ. યુનિટ-૧ની સ્વયંસેવિકા બહેનોએ વિવિધ સેવાકીય અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ કોલેજનું ગૌરવ વધાર્યું હતું.મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર, રાજુલા તથા ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ, પીપાવાવના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા રક્તદાન કેમ્પમાં એન.એસ.એસ.ની સ્વયંસેવિકા વિદ્યાર્થીનીઓએ રક્તદાતાઓને જરૂરી સહયોગ આપી સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે આરોગ્ય મંદિરના સુપ્રિટેન્ડન્ટ ડૉ. કમલેશભાઈ જોશીએ વિદ્યાર્થીનીઓને રક્તદાનના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું.ઉપરાંત મહાત્મા ગાંધી જયંતિ તથા લાલ બહાદુર શાસ્ત્રી જયંતિ નિમિત્તે યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં પણ કોલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જાનવીબેન જગડાએ 'મારું જીવન એ જ મારો સંદેશ' વિષય પર તથા સોનલબેન પટાટે રાષ્ટ્રીય સેવા સંદર્ભે અસરકારક વક્તવ્ય રજૂ કરી પોતાની વક્તૃત્વ પ્રતિભાની આગવી છાપ છોડી હતી.વિદ્યાર્થીનીઓની સેવાકીય ભાવના અને વક્તૃત્વ ક્ષેત્રેની આ સિદ્ધિ બદલ કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. જીગ્નેશ આર. વાજા તથા પ્રિન્સિપાલ ડૉ. રીટાબેન રાવલે અભિનંદન પાઠવ્યા હતા. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો પ્રા. જાગૃતીબેન તેરૈયા અને પ્રા. ભગવતીબેન વડીયા સહિત સમગ્ર પ્રાધ્યાપક પરિવારે વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.આ સમગ્ર પ્રવૃત્તિમાં સાહિત્યકાર શશીભાઈ રાજ્યગુરુ, કવિ હેમાળવી, જાયન્ટ સંસ્થા તથા રાજુલા સેવામંડળ દ્વારા મળેલા સહયોગ બદલ કોલેજ પરિવાર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

# ગુજરાતી રંગભૂમિ અને અભિનય જગતના દિગ્ગજ કલાકાર અરવિંદ ત્રિવેદીને પુણ્યતિથિ નિમિત્તે ભાવભીની શ્રદ્ધાંજલિ





ગુજરાતી ફિલ્મ જગતના જાણીતા અભિનેતા અને અનેક યાદગાર પાત્રોને જીવંત કરનાર અરવિંદ ત્રિવેદીની આજે પુણ્યતિથિ નિમિત્તે તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે.અરવિંદ ત્રિવેદીનો જન્મ વર્ષ ૧૯૩૮માં થયો હતો અને તેમણે ગુજરાતી તથા હિન્દી ફિલ્મોમાં અભિનયની લાંબી અને નોંધપાત્ર કારકિર્દી બનાવી હતી. મુખ્ય નાયકથી લઈને ખલનાયક, સહાયક અભિનેતા અને ચરિત્ર અભિનેતા સુધી વિવિધ પ્રકારની ભૂમિકાઓ તેમણે ખૂબ જ અસરકારક રીતે ભજવી હતી. તેમણે ૨૫૦થી વધુ ગુજરાતી અને હિન્દી ચલચિત્રોમાં અભિનય કરીને ભારતીય મનોરંજન જગતમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી હતી.તેમના ભાઈ અને ગુજરાતી સિનેમાના દિગ્ગજ કલાકાર ઉપેન્દ્ર ત્રિવેદી સાથે તેમની અભિનયયાત્રા ચાર દાયકાથી વધુ સમય સુધી પથરાયેલી રહી હતી. બંને ભાઈઓએ ગુજરાતી રંગભૂમિ અને ફિલ્મજગતને અનેક યાદગાર કૃતિઓ આપી હતી.અરવિંદ ત્રિવેદીને દેશભરમાં વિશેષ લોકપ્રિયતા રામાનંદ સાગરની જાણીતી ધારાવાહિક ‘રામાયણ’માં લંકાપતિ રાવણના પાત્રથી મળી હતી. તેમના દમદાર સંવાદ, અભિનય અને વ્યક્તિત્વને કારણે રાવણનું પાત્ર આજે પણ દર્શકોની યાદમાં અવિસ્મરણીય છે. આ ઉપરાંત ‘વિક્રમ અને વેતાળ’ સહિતની ધારાવાહિકોમાં પણ તેમણે નોંધપાત્ર અભિનય કર્યો હતો.અભિનય ક્ષેત્રે પોતાના બહુમુખી યોગદાનથી ગુજરાતી અને હિન્દી મનોરંજન જગતમાં અમીટ છાપ છોડનાર અરવિંદ ત્રિવેદીનું ૫ ઓક્ટોબર મોડી રાત્રે અથવા ૬ ઓક્ટોબર ૨૦૨૧ના વ્હેલી સવારે અવસાન થયું હતું. આજે તેમની પુણ્યતિથિ નિમિત્તે તેમના સમગ્ર અભિનયજીવનને સ્મરીને તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવે છે.અરવિંદ ત્રિવેદીનું અભિનય અને કળા પ્રત્યેનું યોગદાન હંમેશા યાદગાર બની રહેશે.

તારીખ : 05/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## વ્યવસાય વારસામાં મળી શકે પરંતુ બ્રાન્ડ તો બનાવવી જ પડે..




ડીઝીટલ પ્લેટફોર્મ પર હરણફાળ ભરનાર

**પ્રકાશ** પ્રિન્ટર્સ®

હંમેશા એક કદમ આગળ...

તમારો પોતાનો ધંધો ઓનલાઈન લોન્ચ કરો અને બનાવો તમારા પોતાના

## ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ

તમારા બિઝનેસને આપો

## એક નવી ડિજિટલ ઓળખ !

પ્રતિ વર્ષ માત્ર **299** + GST

- તમારા બિઝનેસની પોતાની Digital Business Profile
- તમારી પ્રોફાઈલની પોતાની Shareable Link
- Unlimited Categories & Products ઉમેરવાની સુવિધા
- તમારા બિઝનેસ માટે Video Gallery
- Customer Reviews દર્શાવવાની સુવિધા
- WhatsApp Direct Contact ની સુવિધા
- Google Map Location ઉમેરવાની સુવિધા
- તમારી માહિતી જાતે Edit & Update કરવાની સુવિધા
- તમારી Digital Profile માટે QR Code
- Digital Visiting Card બનાવવાની સુવિધા
- Mobile, Laptop અને Tablet દરેક ડિવાઈસમાં સરળતાથી જોઈ અને ઉપયોગ કરી શકાય

: વધુ માહિતી માટે સંપર્ક :

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા. મો. 94095 45745

પ્રકાશ પ્રિન્ટર્સ એપ્લિકેશનની 10000 થી વધુ મેમ્બરોની ઉપસ્થિતિ એ જ ઉપલબ્ધિ

**ડીઝીટલ એપ્લિકેશનની ભવ્ય સફળતા બાદ**

નવા પોર્ટલ માટે લોકાતુર ધંધાર્થીઓ, ગૃહ ઉદ્યોગ તેમજ સેલ્સમેનોની આતુરતાનો અંત....

કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

# સાવરકુંડલા તાલુકાના ઠવીમાં વિદ્યાર્થીઓએ બાપુના જીવનચરિત્રની કલાત્મક ઝાંખી રજૂ કરી



સાવરકુંડલા તાલુકાના ઠવી ગામ ખાતે મુરલીધર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મંગલમ વિદ્યામંદિરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતીની ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે ઠવી તેમજ આસપાસના ગામોના વિદ્યાર્થીઓ દ્વારા મહાત્મા ગાંધીજીના જીવન અને વિચારોને ઉજાગર કરતું નાટક તથા એકપાત્રીય અભિનય રજૂ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ પોતાની કલાત્મક રજૂઆત દ્વારા બાપુના સત્ય, અહિંસા અને સાદગીભર્યા જીવનના વિવિધ પ્રસંગોને જીવંત કર્યા હતા.આ ઉપરાંત વિદ્યાર્થીઓને મહાત્મા ગાંધીજીના જીવનચરિત્ર, તેમના વિચારો તેમજ દેશની આઝાદીમાં આપેલા અમૂલ્ય યોગદાન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ગાંધીજયંતીની ઉજવણી નિમિત્તે શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સાથે મળીને શાળામાં સુંદર સજાવટ પણ કરી હતી.સંસ્થાના સંચાલક ભાવેશભાઈ ભુવાએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજીના વિચારો અને જીવનમૂલ્યો નવી પેઢી સુધી પહોંચે તથા વિદ્યાર્થીઓમાં સત્ય, અહિંસા અને સાદગી જેવા મૂલ્યોનું સિંચન થાય તે હેતુથી શાળામાં વિવિધ શૈક્ષણિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સમગ્ર કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓએ બાપુના જીવનસંદેશને માત્ર જાણ્યો જ નહીં, પરંતુ પોતાની કલાત્મક રજૂઆત થકી સૌ સમક્ષ જીવંત પણ કર્યો હતો.


બ્રાન્ડેડ A4 પેકેટ ₹ 180 થી શરૂ
મીનીમમ 10 પેકેટ
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 05/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## સાવરકુંડલાના અવાજના બાદશાહ

# અનવરખાન પઠાણનો

## 55મો જન્મદિવસ



### વોઈસ મિમિક્રીની અનોખી કળાથી અમરેલી જિલ્લામાં આગવી ઓળખ બનાવનાર અનવરખાન પઠાણને ચોમેરથી શુભેચ્છાઓ

સાવરકુંડલાની ધરતીના રત્ન સમા કલાકાર, અવાજના બાદશાહ, કલમવીર, સાહિત્યપ્રેમી અને ઉમદા વ્યક્તિત્વ ધરાવતા અનવરખાન પઠાણે આજે 55મા વર્ષમાં અડીખમ પ્રવેશ કર્યો છે. તેમના જન્મદિવસ નિમિત્તે પરિવારજનો, મિત્રો અને ચાહકવર્ગમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. અનવરખાન પઠાણે પોતાની આગવી વોઈસ મિમિક્રીની કળા થકી અમરેલી જિલ્લામાં મશહૂરી અને લોકચાહના મેળવી છે. વિવિધ દિગ્ગજ ફિલ્મી કલાકારો અને કવિઓના અવાજની આબેહૂબ રજૂઆત કરવાની તેમની અનોખી કળા તેમની આગવી ઓળખ બની છે. તેઓ રાજકુમાર, દિલીપકુમાર, રાજેશખન્ના, શત્રુઘ્નસિંહા, શાહરૂખખાન, અમરીશપુરી અને અજિત જેવા જાણીતા કલાકારોના અવાજની મિમિક્રી મંચ પર આબેહૂબ રજૂ કરે છે. આ ઉપરાંત દિગ્ગજ કવિ ખલીલ ધનતેજવીના અવાજને પણ પોતાની આગવી શૈલીમાં રજૂ કરવાની કળા અનવરખાન પઠાણ ધરાવે છે. તેમની આ અનોખી પ્રતિભા અને કલાપ્રેમના કારણે સાવરકુંડલા સહિત સમગ્ર અમરેલી જિલ્લામાં તેમનો બહોળો ચાહકવર્ગ છે. કલા, સાહિત્ય અને મિમિક્રી ક્ષેત્રે તેમની આગવી ઓળખના કારણે તેઓ મિત્રવર્તુળ તેમજ સામાજિક ક્ષેત્રમાં પણ લોકપ્રિય છે. અનવરખાન પઠાણના 55 મા જન્મદિવસના અવસરે પરિવારજનો અને મિત્રવર્તુળમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયા તેમજ રૂબરૂ મળીને ચાહકો, મિત્રો અને શુભેચ્છકોએ અનવરખાન પઠાણને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી તેમના દીર્ઘાયુ અને સુખમય જીવનની શુભકામનાઓ પાઠવી છે. સાવરકુંડલાના આ અવાજના બાદશાહને 9227011185 પર જન્મદિવસની શુભેચ્છાઓનો ચોમેરથી વરસાદ થઈ રહ્યો છે.

કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

# અમરેલીમાં યોજાયેલ પૂર્વ સૈનિક સંમેલનમાં મોંઘીબા મહિલા કૉલેજના NCC યનિટની સક્રિય ભૂમિકા બદલ અમરેલી જિલ્લા કલેક્ટર દ્વારા સન્માન કરવામાં આવ્યું





જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટ કચેરી, રાજકોટના માર્ગદર્શન હેઠળ તા.04/10/2026 ના રોજ પૂર્વ સૈનિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય અધ્યક્ષ તરીકે અમરેલી જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ અમરેલી લોકસભા સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા. આ સંમેલનમાં અમરેલી જિલ્લાના પૂર્વ સૈનિકો, નિવૃત્ત સૈનિકો તથા તેમના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સૈનિક સેવા દરમિયાન તથા નિવૃત્તિ બાદ પૂર્વ સૈનિકો અને તેમના પરિવારજનોને મળવાપાત્ર વિવિધ સરકારી યોજનાઓ, સહાય અને કલ્યાણકારી સેવાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. યોજનાઓનો લાભ કેવી રીતે મેળવી શકાય તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત જામનગર આર્મી ગ્રુપ દ્વારા મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યક્રમમાં ઉપસ્થિત પૂર્વ સૈનિકો તથા તેમના પરિવારજનોનું આરોગ્ય પરીક્ષણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને વધુ ભાવનાત્મક અને દેશભક્તિમય બનાવવા માટે અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ, અમરેલીના NCC કેડેટ્સ દ્વારા શહીદોને યાદ કરતી નાટ્યરચના રજૂ કરવામાં આવી હતી. સાથે સાથે કેડેટ્સ દ્વારા ભક્તિગીતની સુંદર પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી. કેડેટ્સની રજૂઆતને ઉપસ્થિત મહાનુભાવો તથા સૈનિક પરિવારો દ્વારા ઉત્સાહપૂર્વક વધાવી લેવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન મોંઘીબા મહિલા કોલેજના N C C યુનિટના A N O લેફ્ટિનેન્ટ પ્રોફેસર મનીષા સાગઠીયાને તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ બદલ વિદ્યાસભાના ટ્રસ્ટીશ્રીઓ તથા કોલેજના આચાર્યા અને સમગ્ર સ્ટાફગણે ભાગ લેનાર તમામ N C C કેડેટ્સને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

# ખાખરીયા ગામે આંગણનો ઉત્સવ યોજાયો

## આંગણવાડી કાર્યકર બહેનોનું સન્માન કરી પોષણ, આરોગ્ય અને પ્રારંભિક શિક્ષણ અંગે જાગૃતિ અપાઈ



અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના ખાખરીયા ગામે આંગણવાડી કેન્દ્ર નં. 14 અને 15 ખાતે આંગણનો ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ નાના બાળકોના સર્વાંગી વિકાસ સાથે પોષણ, આરોગ્ય, બાળ ઉછેર અને પ્રારંભિક શિક્ષણ અંગે વાલીઓમાં જાગૃતિ લાવવાનો હતો.આ પ્રસંગે તાલુકા પંચાયત સદસ્ય સોનલબેન વિપુલભાઈ કાચેલા દ્વારા આંગણવાડી કાર્યકર બહેનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આંગણવાડી કેન્દ્ર ખાતે બાળકોના વિકાસને અનુરૂપ વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી તેમજ વાલીઓને બાળકોના યોગ્ય ઉછેર, પોષણયુક્ત આહાર, સ્વચ્છતા અને આરોગ્ય અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન આંગણવાડી કેન્દ્રો દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવતી કામગીરીની માહિતી પણ આપવામાં આવી હતી. બાળકોમાં શિક્ષણ પ્રત્યે રસ વધે અને તેમનો શારીરિક તથા માનસિક વિકાસ સુદૃઢ બને તે માટે વાલીઓની ભૂમિકા અંગે પણ સમજ આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં સરપંચ વિપુલભાઈ કાચેલા, ઉપસરપંચ સુનીતાબેન કાકડિયા, આઈ.સી.ડી.એસ. બાબરા કચેરીના આંકડા મદદનીશ રાજુભાઈ સોલંકી, આંગણવાડી કાર્યકર બહેનો, આશા વર્કર બહેનો, બાળકો, વાલીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.આંગણનો ઉત્સવ થકી બાળ પોષણ, આરોગ્ય અને પ્રારંભિક શિક્ષણને ઘર-ઘર સુધી પહોંચાડવાનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.

તારીખ : 05/10/2026

# નાગેશ્રીથી અમરેલી-ચોટીલા સુધીના 196 કિમી માર્ગ માટે કેન્દ્ર સરકારની રૂ. 2,125.55 કરોડની મંજૂરી


Nitin Gadkari
@nitin_gadkari

Boost

Show translation

गुजरात

गुजरात में राष्ट्रीय राजमार्ग-351G के 196 किलोमीटर लंबाई के नागेश्री-अमरेली-चोटिला सेक्शन को 'हाइब्रिड एन्युइटी मोड' (HAM) के तहत पेव्ड शोल्डर्स वाली दो-लेन सड़क में अपग्रेड करने के लिए ₹2,125.55 करोड़ रुपए की लागत के साथ स्वीकृति दी गई है।

इस परियोजना में अमरेली बाईपास, जसदान-अटकोट-बाबरा सेक्शन और चोटिला शहर वाले हिस्से को भी 'पेव्ड शोल्डर्स' वाली चार-लेन सड़क में अपग्रेड करना शामिल है।

मौजूदा सड़क पर ट्रैफ़िक जाम और सड़क दुर्घटनाओं की समस्या बनी रहती है। इस प्रोजेक्ट का मकसद इस अहम हाईवे कॉरिडोर की क्षमता, सुरक्षा और कामकाज की दक्षता को बेहतर बनाना है, साथ ही गुजरात के सौराष्ट्र क्षेत्र में कनेक्टिविटी को मज़बूत करना है।

इस कॉरिडोर के विकास से गुजरात के प्रमुख ज़िलों - अमरेली, राजकोट और सुरेंद्रनगर - के बीच कनेक्टिविटी बेहतर होगी, जिससे क्षेत्रीय कनेक्टिविटी मज़बूत होगी और यात्रियों व माल की आवाजाही आसान हो जाएगी।

સૌરાષ્ટ્રના માર્ગ જોડાણને વધુ મજબૂત બનાવતી મહત્વપૂર્ણ જાહેરાત કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી છે. રાષ્ટ્રીય રાજમાર્ગ-351Gના નાગેશ્રીથી અમરેલી થઈ ચોટીલા સુધીના અંદાજે 196 કિલોમીટર લાંબા માર્ગના અપગ્રેડેશન માટે કેન્દ્ર સરકારે રૂ. 2,125.55 કરોડની મંજૂરી આપી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આ અંગે માહિતી જાહેર કરી છે. આ પ્રોજેક્ટ હાઈબ્રિડ એન્યુઈટી મોડ (HAM) હેઠળ હાથ ધરાશે.આ પ્રોજેક્ટ હેઠળ નાગેશ્રી-અમરેલી-ચોટીલા મુખ્ય માર્ગને બંને બાજુ પાકા સાઈડ શોલ્ડર સાથેના બે લેન માર્ગ તરીકે અપગ્રેડ કરવામાં આવશે. જ્યારે ટ્રાફિકની દૃષ્ટિએ મહત્વપૂર્ણ એવા અમરેલી બાયપાસ, જસદણ-આટકોટ-બાબરા સેક્શન તથા ચોટીલા શહેર વિસ્તારમાં માર્ગને પેવ્ડ શોલ્ડર સાથે ચાર લેનમાં વિકસાવવાની યોજના છે.

### અમરેલી, બાબરા સહિતના વિસ્તારોને સીધો લાભ

નાગેશ્રીથી શરૂ થતો આ મહત્વપૂર્ણ માર્ગ અમરેલી જિલ્લાના અનેક વિસ્તારોને જોડતો આગળ વધશે અને અમરેલી બાદ બાબરા, જસદણ અને આટકોટ થઈને ચોટીલા તરફ જશે. આ માર્ગનું આધુનિકીકરણ થતાં અમરેલી, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાઓ વચ્ચેનું માર્ગ જોડાણ વધુ મજબૂત બનશે.અમરેલી શહેરમાં પહેલેથી અસ્તિત્વમાં રહેલા બાયપાસને આ પ્રોજેક્ટ હેઠળ વધુ સુદૃઢ બનાવવામાં આવશે. જ્યારે બાબરા વિસ્તારમાં બાયપાસની વ્યવસ્થા ઊભી થવાથી શહેરમાંથી પસાર થતા ભારે વાહનોના ટ્રાફિકનું દબાણ ઘટાડવામાં મદદ મળશે. પરિણામે સ્થાનિક વાહનવ્યવહાર તેમજ લાંબા અંતરની અવરજવર બંને વધુ સુગમ બનવાની

અપેક્ષા છે.

**જસદણ-આટકોટ-બાબરા સેક્શન ચાર લેન બનશે**

આ સમગ્ર પ્રોજેક્ટમાં જસદણ-આટકોટ-બાબરા માર્ગખંડ મહત્વપૂર્ણ છે. આ સેક્શનને ચાર લેનમાં અપગ્રેડ કરવાની યોજના હોવાથી રાજકોટ તરફથી અમરેલી અને સૌરાષ્ટ્રના અન્ય વિસ્તારો તરફ જતા વાહનોને વધુ સુવિધા મળશે.રોડની ક્ષમતા વધવાથી મુસાફરો ઉપરાંત કૃષિ પેદાશો, વેપારી માલસામાન અને ઔદ્યોગિક સામગ્રીના પરિવહનને પણ સરળતા મળી શકે છે. સૌરાષ્ટ્રના આંતરિક વિસ્તારોને મોટા માર્ગ નેટવર્ક સાથે જોડવામાં આ કોરિડોરની ભૂમિકા મહત્વપૂર્ણ બની શકે છે.

**અમરેલી-બગસરા-જેતપુર માર્ગને પણ વેગ**

અમરેલી જિલ્લાને અસર કરતા અન્ય મહત્વપૂર્ણ માર્ગ પ્રોજેક્ટમાં રાષ્ટ્રીય રાજમાર્ગ-351નો બગસરા-વડિયા-જેતપુર માર્ગ પણ સામેલ છે. NH-351નું સત્તાવાર માર્ગ વર્ણન મહુવાથી સાવરકુંડલા, અમરેલી અને બગસરા થઈ જેતપુર સુધીનું જોડાણ દર્શાવે છે.બગસરા-વડિયા-જેતપુર માર્ગના વિકાસથી અમરેલી જિલ્લાના વિસ્તારોને રાજકોટ અને જેતપુર તરફ વધુ સારો નેશનલ હાઈવે સંપર્ક મળશે. આ કોરિડોર સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારો વચ્ચેના વેપાર, પરિવહન અને મુસાફરી માટે મહત્વપૂર્ણ છે.આ માર્ગના વિવિધ ભાગોના અપગ્રેડેશન અને જમીન સંપાદન માટેની પ્રક્રિયા પણ તબક્કાવાર આગળ વધી રહી છે. કેન્દ્ર સરકારના સત્તાવાર દસ્તાવેજોમાં NH-351ના મહુવા-સાવરકુંડલા-અમરેલી-બગસરા-વડિયા-જેતપુર સેક્શનને બે/ચાર લેન અને પેવ્ડ શોલ્ડર સાથે અપગ્રેડ કરવાની યોજના દર્શાવવામાં આવી છે.

**શહેરોમાં ટ્રાફિકનું ભારણ ઘટશે**

અમરેલી અને બાબરા જેવા શહેરોમાંથી લાંબા અંતરના વાહનો પસાર થતાં સ્થાનિક ટ્રાફિક પર ભારણ રહે છે. બાયપાસ તથા ચાર લેનના વિકાસથી શહેરની અંદરનો ટ્રાફિક ઘટાડવામાં મદદ મળી શકે છે. ખાસ કરીને અમરેલી બાયપાસના અપગ્રેડેશનથી શહેરના આંતરિક માર્ગો પરનો દબાણ ઘટાડવાનો હેતુ પણ આ પ્રોજેક્ટ સાથે જોડાયેલો છે.

**માર્ગ સુરક્ષા અને કનેક્ટિવિટીમાં સુધારો**

હાલના માર્ગ પર વધતા ટ્રાફિકને ધ્યાનમાં રાખીને માર્ગની ક્ષમતા, સલામતી અને કાર્યક્ષમતા વધારવી પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ છે. નવા અપગ્રેડેશનથી વાહનવ્યવહાર વધુ સુવ્યવસ્થિત થવાની સાથે અકસ્માત અને ટ્રાફિકની સમસ્યાઓ ઘટાડવામાં મદદ મળવાની અપેક્ષા છે.નાગેશ્રી-અમરેલી-ચોટીલા કોરિડોર વિકસવાથી અમરેલી, રાજકોટ અને સુરેન્દ્રનગર વચ્ચેનું જોડાણ વધુ મજબૂત બનશે. સાથે જ સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાંથી મુસાફરો અને માલસામાનની અવરજવર માટે વધુ સક્ષમ માર્ગ વ્યવસ્થા ઊભી થશે.આ રીતે નાગેશ્રીથી અમરેલી, બાબરા, જસદણ, આટકોટ થઈ ચોટીલા સુધીનો માર્ગ પ્રોજેક્ટ અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્રના માર્ગ માળખામાં મહત્વપૂર્ણ ઉમેરો બની શકે છે. રૂ. 2,125.55 કરોડના આ પ્રોજેક્ટને મંજૂરી મળતાં વર્ષોથી અપગ્રેડેશનની રાહ જોતા આ મહત્વપૂર્ણ માર્ગને આધુનિક સ્વરૂપ આપવાની પ્રક્રિયાને હવે નોંધપાત્ર ગતિ મળી છે.નોંધ: આપેલી મૂળ માહિતીમાં “10 મીટર પહોળો રોડ”નો ઉલ્લેખ છે, પરંતુ મેં ચકાસેલા તાજા જાહેર સ્ત્રોતોમાં ચોક્કસ 10 મીટરનો આંકડો મળ્યો નથી; તેથી પ્રેસનોટમાં તેને નિશ્ચિત આંકડા તરીકે મૂક્યો નથી. અધિકૃત માહિતી મુજબ મુખ્ય 196 કિમી સેક્શન બે લેન પેવ્ડ શોલ્ડર સાથે અને અમરેલી બાયપાસ, જસદણ-આટકોટ-બાબરા તથા ચોટીલા શહેરના ભાગો ચાર લેન પેવ્ડ શોલ્ડર સાથે અપગ્રેડ થવાના છે.


એ ગ્રેડ ક્વોલીટીનાં

A4 પેકેટ

65 GSM Rs. 180 મીનીમમ 10 પેકેટ

70 GSM Rs. 195 મીનીમમ 10 પેકેટ

80 GSM Rs. 305

તમામ પેકેટો હાજરમાં

SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 05/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક



## અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેડોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

## નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

## ‘સહી પોષણ - દેશ રોશન’

# અમરેલીમાં પોષણ ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત જિલ્લા કક્ષાની પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઈ




## ટેક હોમ રાશન અને મિલેટમાંથી વિવિધ પૌષ્ટિક વાનગીઓ બનાવી મહિલાઓએ પોષણનો સંદેશ આપ્યો

મહિલા અને બાળ વિકાસ વિભાગ, આઈ.સી.ડી.એસ. શાખા, જિલ્લા પંચાયત અમરેલી દ્વારા પોષણ ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત ટેક હોમ રાશન અને મિલેટ (શ્રી અન્ન)માંથી બનતી વિવિધ પૌષ્ટિક વાનગીઓની જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન અમરેલીના જેસિંગપરા સ્થિત અંબિકા ટાઉન હોલ ખાતે કરવામાં આવ્યું હતું.જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી દક્ષાબહેન ડી. ચોડવડીયાના અધ્યક્ષસ્થાને અને ઉપપ્રમુખશ્રી મહાવીરબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેનશ્રી વિલાસબહેન જયંતિલાલ દેસાઈના દિશાનિર્દેશ હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.પોષણ ઉત્સવ અંતર્ગત યોજાયેલી આ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ટેક હોમ રાશન – માતૃશક્તિ, બાળશક્તિ અને પૂર્ણાશક્તિ તેમજ મિલેટ એટલે કે શ્રી અન્નમાંથી વિવિધ પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી. સ્પર્ધા દ્વારા સ્થાનિક અને પોષણક્ષમ ખાદ્ય સામગ્રીના ઉપયોગ, મિલેટ આધારિત આહાર તથા સંતુલિત પોષણ અંગે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.અમરેલી જિલ્લામાં તાલુકા કક્ષાએ વિજેતા થયેલા આંગણવાડીના વિવિધ ઘટકની બહેનો દ્વારા કેટલીક રસપ્રદ વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી. જેમાં કુંકાવાવ ઘટકની બહેનોએ બાળશક્તિના લોટમાંથી તૈયાર કરેલું બર્ગર, લાઠી ઘટક દ્વારા મિલેટમાંથી તૈયાર કરવામાં આવેલું મન્ચુરીયન, સાવરકુંડલા ઘટક-૧ દ્વારા પૂર્ણાશક્તિના બેટરમાંથી તૈયાર કરવામાં આવેલા રવાના ઢોસા સહિતની વાનગીઓએ

# જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી દક્ષાબહેન ચોડવડીયા અને ઉપપ્રમુખશ્રી મહાવીરબાપુ ભગતની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો

આકર્ષણ જમાવ્યું હતું. અમરેલી, બગસરા સહિતના ઘટકની બહેનોએ રાગીનો સૂપ, મિલેટની કેક, બાળશક્તિના બિસ્કિટ જેવી પૌષ્ટિક વાનગીઓ તૈયાર કરી હતી.કાર્યક્રમના પ્રારંભે આઈ.સી.ડી.એસ., અમરેલી જિલ્લાના પ્રોગ્રામ ઓફિસરશ્રી હીરાબહેન રાજશાખાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ આંગણવાડીના કર્મયોગીઓ અને બહેનોને પ્રેરણાબળ પૂરું પાડતાં તેમની કામગીરીને બિરદાવી હતી. આ વાનગી સ્પર્ધાના વિજેતા બહેનો રાજકોટ ખાતે યોજાનારી ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. ઝોન કક્ષાના વિજેતા બહેનો રાજ્યકક્ષાના પોષણ ઉત્સવમાં પ્રતિસ્પર્ધી તરીકે પ્રતિનિધિત્વ કરશે.પોષણ ઉત્સવના માધ્યમથી 'સહી પોષણ - દેશ રોશન'ના સંદેશને જન-જન સુધી પહોંચાડવા તથા પોષણ અંગે લોકજાગૃતિ વધારવાના હેતુથી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેનશ્રી અરજણભાઈ વાઘ, મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેનશ્રી વિલાસબહેન દેસાઈ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રી ડેનીભાઈ પરમાર, મહિલા અને બાળ વિકાસ સમિતિના સભ્યશ્રીઓ જાગૃતિબહેન લાલજીભાઈ વાણીયા, ભાનુબહેન વિક્રમભાઈ શિયાળ, નયનાબહેન મુકેશભાઈ આદ્રોજા, સોનલબહેન સંજયભાઈ તારપરા, પ્રકાશભાઈ, સભ્યશ્રી રંજનબહેન બાબરિયા, અગ્રણીશ્રી જયંતિભાઈ દેસાઈ, શ્રી નિકુલભાઈ માંડણકા, તાલુકા પંચાયતના ઉપપ્રમુખશ્રી ખુમાણ, શ્રી મધુભાઈ હરખાણી સહિતના અગ્રણીઓ તથા આંગણવાડીના બહેનો ઉપસ્થિત રહ્યા હતા.













કે.ડી. NEWS

તારીખ : 05/10/2026







# સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સરકેશ્વર બીચ પર જાફરાબાદ પોલીસનું સઘન સ્વચ્છતા અભિયાન

અમરેલી જીલ્લાના જાફરાબાદ તાલુકાના સરકેશ્વર બીચ ખાતે ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત જાફરાબાદ પોલીસ દ્વારા સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસકર્મીઓએ બીચ પર શ્રમદાન કરી અંદાજે ૮૦૦ મીટર જેટલા દરિયાકિનારાના વિસ્તારને સંપૂર્ણપણે સ્વચ્છ બનાવ્યો હતો.અભિયાન દરમિયાન બીચ પર એકત્ર થયેલો કચરો, પ્લાસ્ટિક સહિતની ગંદકી દૂર કરી સમગ્ર વિસ્તારને સ્વચ્છ અને સુંદર બનાવવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા માત્ર કાયદો અને વ્યવસ્થા જ નહીં, પરંતુ સામાજિક જવાબદારી અને જનસેવાના ક્ષેત્રે પણ પોતાની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી હતી.સરકેશ્વર બીચ પર હાથ ધરાયેલા આ સ્વચ્છતા અભિયાન થકી પ્રવાસીઓ તથા સ્થાનિક લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. *“સ્વચ્છ બીચ, સ્વસ્થ સમાજ”*ના સંદેશ સાથે યોજાયેલા આ અભિયાનથી જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા અને પર્યાવરણ પ્રત્યે જવાબદારી નિભાવવાનો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો.જાફરાબાદ પોલીસના આ સેવાભાવી પ્રયાસને સ્થાનિક લોકો અને બીચ પર આવતા પ્રવાસીઓ દ્વારા આવકારવામાં આવ્યો હતો. સેવા, સ્વચ્છતા અને સંવેદનશીલતાના સમન્વયથી યોજાયેલું આ અભિયાન સમાજ માટે પ્રેરણારૂપ બન્યું છે.

પ્રકાશ પ્રિન્ટર્સ

# તમારા બિઝનેસ
## લોગો અને ડિટેલ સાથે
# પોસ્ટર મેળવો

માત્ર
રૂ. 249
1વર્ષ

**7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ (આપની ચોઈસની)**

**વોટ્સેપ + ફેઈસબુક + ઈન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે**


ફેસ્ટીવલ ઈમેજ


ગુડ મોર્નિંગ પોસ્ટ


ગુડ નાઈટ પોસ્ટ


બર્થ ડે પોસ્ટ


પોલીટીકલ પોસ્ટ


સુવિચાર પોસ્ટ


મોટીવેશનલ પોસ્ટ


સ્પેશ્યલ કેટેગરી



સુપ્રસિધ્ધ સ્થાનીક સંતો
મહંતોના જન્મ જયંતી
તેમજ જન્મદિવસની
પોસ્ટ સમાવેશ

**તો આજેજ ડાઉલોડ કરો**

આપનાં એન્ડ્રોઈડ મોબાઈલનાં
પ્લેસ્ટોરામાં જઈને

GET IT ON
Google Play

**PRAKASH**
**PRINTERS**

વધારે માહિતી માટે સંપર્ક - મો. 9409545745

કે.ડી NEWS

તારીખ : 05/10/2026

# કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) ની વેતન મર્યાદા રૂ.૧૫,૦૦૦ થી વધારી રૂ. ૨૫,૦૦૦ કરવામાં આવી: કામદારોની સામાજિક સુરક્ષાને મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) હેઠળ યોગદાન માટેની વેતન મર્યાદા રૂ.૧૫,૦૦૦ થી વધારીને રૂ.૨૫,૦૦૦ પ્રતિ માસ કરવામાં આવી એ કામદારો માટે સામાજિક સુરક્ષાના વ્યાપને વધુ મજબૂત બનાવવા અને તેમના લાંબા ગાળાના નાણાકીય ભવિષ્યને સુરક્ષિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.આ મહત્વપૂર્ણ નિર્ણયને આવકારતાં, શ્રી યોગેન્દ્ર સિંહ શેખાવત, પ્રાદેશિક ભવિષ્ય નિધિ કમિશનર-I, કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (E P F O ), પ્રાદેશિક કચેરી, વટવા દ્વારા જણાવવામાં આવ્યું કે, રૂ.૧૫,૦૦૦ થી રૂ. ૨૫,૦૦૦ સુધીની વેતન મર્યાદામાં કરવામાં આવેલો વધારો કામદારોની સામાજિક સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. તે કર્મચારીઓને તેમની નિવૃત્તિ માટેની બચત વધારવા અને તેમના નાણાકીય ભવિષ્યને વધુ સુરક્ષિત બનાવવાની વધુ તક પ્રદાન કરશે. કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) કામદારોને સામાજિક સુરક્ષાના લાભો પારદર્શક, સરળતાથી ઉપલબ્ધ અને કાર્યક્ષમ રીતે પ્રાપ્ત થાય તે સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.રૂ.૧૫,૦૦૦ની અગાઉની વેતન મર્યાદા સપ્ટેમ્બર ૨૦૧૪થી અમલમાં હતી. હવે તેને વધારીને રૂ.૨૫,૦૦૦ કરવામાં આવતાં વર્તમાન વેતન માળખા તથા કર્મચારીઓની બદલાતી નાણાકીય જરૂરિયાતોને ધ્યાનમાં લેવામાં આવી છે.આ નિર્ણયથી કર્મચારીઓ માટે પ્રોવિડન્ટ ફંડમાં વધુ સંચયની શક્યતા ઊભી થશે, જેનાથી નિવૃત્તિ માટેની તેમની લાંબા ગાળાની નાણાકીય તૈયારી વધુ મજબૂત બનવામાં યોગદાન મળી શકે છે. આ ઉપરાંત, તે કામદારો માટે ઔપચારિક સામાજિક સુરક્ષાના વ્યાપને વિસ્તૃત કરવાના વ્યાપક ઉદ્દેશને પણ સમર્થન આપે છે.શ્રી યોગેન્દ્ર સિંહ શેખાવતે કર્મચારીઓ અને નોકરીદાતાઓને અપીલ કરી હતી કે તેઓ કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) તથા પ્રાદેશિક કચેરી વટવાના અધિકૃત માધ્યમો દ્વારા લાગુ પડતી જોગવાઈઓ અંગે માહિતગાર રહે અને સમયસર અનુપાલન સુનિશ્ચિત કરે, જેથી કામદારોને સામાજિક સુરક્ષા વ્યવસ્થા હેઠળ ઉપલબ્ધ લાભો પ્રાપ્ત થઈ શકે.કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO), પ્રાદેશિક કચેરી વટવા, કામદારોના કલ્યાણ તથા વ્યાપક સામાજિક સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે સતત પ્રતિબદ્ધ છે. આ માટે સામાજિક સુરક્ષાના વ્યાપમાં વધારો, સેવાઓમાં સુધારો તથા ટેકનોલોજી આધારિત સેવા પ્રદાન પર સતત ભાર મૂકવામાં આવી રહ્યો છે તેમ પ્રાદેશિક જનસંપર્ક અધિકારી, કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન, પ્રાદેશિક કચેરી, વટવા, અમદાવાદની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

તારીખ : 05/10/2026

# ધારી આઈ.ટી.આઈ ખાતે ૭ ઓક્ટોબરે પ્લેસમેન્ટ મેળો યોજાશે

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ધારી દ્વારા ઓરબીટ બેરીંગ્સ ઈન્ડિયા પ્રા.લિ. માટે પ્લેસમેન્ટ મેળાનું આયોજન આઈ.ટી.આઈ., ધારીના હીમખીમડી, તુલશીશ્યામ રોડ સ્થિત કેમ્પસ ખાતે તા. ૦૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કરવામાં આવ્યું છે.આ ભરતી મેળામાં આઈ.ટી.આઈ.ના પાસઆઉટ તાલીમાર્થીઓ જોડાઈને રોજગારની તકનો લાભ લેવા જણાવવામાં આવે છે. કંપની દ્વારા પસંદગી પામનાર ઉમેદવારોને રૂ. ૧૫,૫૦૦થી રૂ. ૧૮,૦૦૦ સુધીનો માસિક પગાર ચૂકવવામાં આવશે.ભરતી મેળામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોએ આધાર કાર્ડ તથા શૈક્ષણિક લાયકાતના જરૂરી દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. આ અંગે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ધારીના આચાર્યશ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# Happy Birthday



## Rushant Giri N. Gosai



કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ગુરૂદેવ કહે છે...

"ચાર મોટર.. ત્રણ ફેકટરી..
'બે બંગલા.. એક કરોડની સંપત્તિ..
આખો દિવસ પોતાની પાસે રહેલી
સામગ્રી ગણ્યા કરતો શ્રીમંત
રાતના પણ આ સામગ્રી ગણી
શકે એ માટે જ કુદરતે શું એની
પાસેથી ઊંઘ ખેંચી લીધી હશે ?
કાંઈ જ સમજાતું નથી.."




આચાર્ય વિજય રત્નસુંદર
સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**

Gurutattva

**3536**
**05/10/2026**
**Monday**

## आत्मा

तुम जिवीत हो थाने "परमात्मा" साथ ही है, केवल अज्ञान के कारण हमे पता नही है, केवल जागो, उसे बाहर मत खोजो

बाबास्वामी
5/10/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

કે.ડી. NEWS
તારીખ : 05/10/2026
નો નેગેટીવ ન્યુઝ
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




અમુક લોકો પણ ગજબ હોય છે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત હોય ત્યારે એક કલાક સુધી ખાનગીકરણના ફાયદા સમજાવે અને પછી પોતાના અંગત લોકો પાસે જઈ કહે કે મારા સંતાનો મોટા થઈ ગયા છે કોઈ સરકારી નોકરી વાળા ધ્યાનમાં હોય તો જણાવજો..

---

એક ભાઈ એ સવારે ફોટો મૂક્યો
મિત્ર: તું રોજ વહેલો કેમ ઊઠે છે?
બીજો: એલાર્મને હરાવવાની ખુશી માટે!

---

શિક્ષક: હોમવર્ક કેમ નથી કર્યું?
વિદ્યાર્થી: સર, Wi-Fi નહોતું!
શિક્ષક: હોમવર્ક માટે Wi-Fi?
વિદ્યાર્થી: સર, બહાનું ડાઉનલોડ કરવાનું હતું!

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 05/10/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ૫ ઓક્ટોબર

# મહત્વની ઘટનાઓ

૧૮૬૪ – કલકત્તા શહેરમાં ચક્રાવાતથી ૬૦૦૦૦થી વધુ લોકોના મોત થયા.

૧૯૬૨ – ઈયાન ફ્લેમિંગની નવલકથાઓ પર આધારિત જેમ્સ બોન્ડ ફિલ્મ શ્રેણીની પ્રથમ ફિલ્મ બ્રિટનમાં રજૂ થઈ.

૧૯૮૪ – માર્ક ગાર્નેઉ અવકાશયાત્રા કરનાર પ્રથમ કેનેડિયન બન્યા.

## જન્મ

૧૫૨૪ – રાણી દુર્ગાવતી, ગોંડવાના ક્ષેત્રના મહારાણી (અ. ૧૫૬૪)

૧૮૯૦ – કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા, ભારતીય ચરિત્રકાર, નિબંધકાર અને અનુવાદક (અ. ૧૯૫૨)

૧૯૧૩ – પૂર્ણિમાબેન પકવાસા, ડાંગના દીદી તરીકે ઓળખાતા ભારતીય સામાજિક કાર્યકર (અ. ૨૦૧૬)

૧૯૨૩ – કૈલાશપતિ મિશ્ર, ભારતીય વકીલ અને રાજકારણી, ગુજરાતના ૧૮મા રાજ્યપાલ (અ. ૨૦૧૨)

૧૯૫૨ – ઈમરાન ખાન, પાકિસ્તાની ક્રિકેટર અને વડા પ્રધાન

૧૯૬૩ – આદિલ હુસૈન, ભારતીય ફિલ્મ અને નાટ્ય કલાકાર

૧૯૭૪ – અરવિંદ વેગડા, ગુજરાતી લોકગાયક

૧૯૮૩ – જેસ્સી ઐસેનબર્ગ, અમેરિકી અભિનેતા

## અવસાન

૨૦૨૧ – અરવિંદ ત્રિવેદી, લંકેશનાં પાત્રથી જાણીતા ગુજરાતી અભિનેતા (જ. ૧૯૩૮)

## તહેવારો અને ઉજવણીઓ

વિશ્વ શિક્ષક દિવસ

આંતરરાષ્ટ્રીય વેશ્યાવૃત્તિ નિષેધ દિવસ

તારીખ : 05/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વ્યાપારી માટે



## હોલસેલ ભાવે

## નાની-મોટી

# ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



# રફ ચોપડા

## તેમજ

લખવા માટેની

# કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 05/10/2026

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

નો નેગેટીવ ન્યુઝ

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




88K

59K

43K

100K

**સંપર્ક : મો. 94997 97973**